# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસે રાષ્ટ્રીય હાથવણાટ પુરસ્કારો એનાયત કર્યા.
2. સંસદના બંને ગૃહ સોમવાર સુધી સ્થગિત.
3. ભારત અને ચીને વાસ્તવિક નિયંત્રણ રેખાની પરિસ્થિતિની સમીક્ષા કરી.
4. કોંગોમાં ઇબોલાના કેસની સંખ્યા ચાર હજારને પાર.
5. બેડમિન્ટનમાં ભારતનાં રક્ષિતા રામરાજ અને અશ્મિતા ચલિહા, કોરિયા માસ્ટર્સની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ-HANDLOOM DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, હાથવણાટ ક્ષેત્ર માત્ર આજીવિકાના સ્ત્રોત તરીકે જ નહીં, પરંતુ સમાવેશી વિકાસના શક્તિશાળી સાધન તરીકે પણ કામ કરે છે. નવી દિલ્હીમાં આજે 12મા રાષ્ટ્રીય હાથવણાટ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતાં સુશ્રી મુર્મુએ કહ્યું કે હજારો વર્ષોથી, હાથવણાટ ભારતની સાંસ્કૃતિક અને સભ્યતાની યાત્રાનો અભિન્ન ભાગ રહ્યો છે. આ ક્ષેત્રએ રોજગાર, મહિલા સશક્તિકરણ, કલા, સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહન આપતી વખતે ભારતના સમૃદ્ધ વારસાને સાચવ્યો છે.

## BYTE: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

તેમણે ભાર મૂક્યો કે, ભારતના હાથવણાટ ક્ષેત્રમાં કાર્યરત 35 લાખથી વધુ લોકોમાંથી 25 લાખ મહિલાઓ છે. રાષ્ટ્રપતિએ વણકરો, ઉદ્યોગસાહસિકો, ડિઝાઇનરો, વિદ્યાર્થીઓ અને હાથવણાટ ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક વ્યક્તિને શુભેચ્છાઓ પાઠવી.

કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિએ વર્ષ 2025 માટે સંત કબીર હાથવણાટ પુરસ્કારો અને રાષ્ટ્રીય હાથવણાટ પુરસ્કારો એનાયત કર્યા. હાથવણાટ વણકરોને હાથવણાટ પરંપરાઓના સંરક્ષણમાં યોગદાન બદલ કુલ 22 પુરસ્કારો એનાયત કરાયા, જેમાં ત્રણ સંત કબીર હાથવણાટ પુરસ્કાર અને 19 રાષ્ટ્રીય હાથવણાટ પુરસ્કાર સામેલ છે. દેશની સમૃદ્ધ અને વૈવિધ્યસભર હાથવણાટ પરંપરાઓની ઉજવણી કરતી ચાર સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી. આ પ્રસંગે કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે, સરકાર હાથવણાટને ટકાઉ કાપડ તરીકે પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. તેમણે યુવા પેઢીને વ્યવસાય તરીકે વણાટ પસંદ કરવા પ્રોત્સાહિત કર્યા.

# NAGALAND-CM’s-YARN-BANK-SCHEME

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ આજે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસના અવસરે "મુખ્ય મંત્રી યાર્ન બેંક યોજનાનો" વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો.

આ યોજનાનો ઉદ્દેશ્ય રાજ્યના હેન્ડલૂમ ક્ષેત્રને મજબૂત કરવાનો અને વણકરોને પોષણક્ષમ દરે ગુણવત્તાયુક્ત કુદરતી યાર્ન પ્રદાન કરવાનો છે. દર વર્ષે લગભગ પાંચથી 10 હજાર વણકરોને આ યોજનાનો લાભ મળવાની અપેક્ષા છે.

મુખ્યમંત્રી રિયોએ જણાવ્યું કે, આ પહેલ હેન્ડલૂમ ક્ષેત્રને સશક્ત બનાવવા અને કારીગરોની આજીવિકાને ટેકો આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# RS-LS-ADJOURN

વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દે હોબાળાના કારણે સંસદના બંને ગૃહો સોમવાર સુધી સ્થગિત કરાયા છે.

આજે સવારે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં અધ્યક્ષ ઓમ બિરલાએ ભારત છોડો ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ તેમણે પ્રશ્નકાળ શરૂ કરતાં વિપક્ષના સભ્યોએ NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો. વિપક્ષના સભ્યો આ મુદ્દે ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદનની માંગ કરી રહ્યા હતા.

અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, પ્રશ્નકાળ ગૃહની કાર્યવાહીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. તેમણે જણાવ્યું કે, સંસદ ચર્ચા, પ્રશ્નોત્તરી અને અર્થપૂર્ણ ચર્ચા માટેનું મંચ છે. જોકે, સતત હોબાળાને કારણે, લોકસભા બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

આજે સવારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા શહીદોને શ્રદ્ધાંજલિ અપાતા. ગૃહે મૌન પાળ્યું.

આ પછી સંરક્ષણ, ગૃહ, વાણિજ્ય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓના અહેવાલો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. બાદમાં, વિપક્ષના હોબાળા વચ્ચે રાષ્ટ્રપતિએ શૂન્યકાળ શરૂ કર્યો. કેટલાક સભ્યોએ મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવ્યા. જોકે, સતત સૂત્રોચ્ચારને કારણે સભાપતિએ ગૃહને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

# INDIA-CHINA

ભારત-ચીન સરહદી બાબતો પર સલાહ અને સંકલન માટે કાર્યકારી પદ્ધતિની 36મી બેઠકમાં ગઇકાલે ભારત અને ચીને વાસ્તવિક નિયંત્રણ રેખાની પરિસ્થિતિની સમીક્ષા અને ચર્ચા કરી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, બંને પક્ષોએ સરહદ સીમાંકન, સરહદ વ્યવસ્થાપન, સંસ્થાકીય પદ્ધતિઓને મજબૂત બનાવવા અને સરહદ પાર સહયોગ સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. બંને પક્ષોએ ભાર મૂક્યો હતો કે, દ્વિપક્ષીય સંબંધોના એકંદર વિકાસ માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવી જરૂરી છે.

બેઠકમાં, બંને પક્ષો વાસ્તવિક નિયંત્રણ રેખા પર બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા અને ગેરસમજ ટાળવા માટે કાર્યકારી પદ્ધતિની સ્થાનિક કમાન્ડર-સ્તરની બેઠકો સહિત હાલના રાજદ્વારી અને લશ્કરી સંવાદ પદ્ધતિઓનો ઉપયોગ ચાલુ રાખવા સંમત થયા.

ભારતીય પક્ષે સરહદ પાર નદીઓ પર નિષ્ણાત-સ્તરીય આગામી બેઠક વહેલી તકે બોલાવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. ઉપરાંત, ચાલુ પ્રોજેક્ટ્સ સંબંધિત તકનીકી માહિતી શેર કરવાના મહત્વ પર ભાર મૂક્યો.

# SHAH-TAGORE

ગૃહમંત્રી અમિત શાહે કવિવર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છેસોશિયલ મીડિયા પોસ્ટમાં . શ્રી શાહે કહ્યું કે, ટાગોરે ભારતના આત્માને અવાજ આપ્યો અને તેમના લખાણો દ્વારા સ્વતંત્રતા ચળવળમાં નવી ચેતનાનો સંચાર કર્યોતેમણે ઉમેર્યું કે ., ટાગોરની અમર રચના 'જન ગણ મન' રાષ્ટ્રની એકીકૃત ચેતના અને આત્મગૌરવનું પ્રતીક છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# J&K RAIN WARNING SYSTEM

જમ્મુ - કશ્મીરમાં હવામાન ચેતવણી પ્રણાલીને મજબૂત બનાવવા ચાર વધારાના ડોપ્લર વેધર રડાર સ્થાપિત કરાશે. સમગ્ર પ્રદેશમાં વારંવાર ભારે વરસાદની ઘટનાઓ બની રહી હોવાથી આ નિર્ણય લેવાયો છે .

હવામાન વિભાગ પીર પંજાલ પ્રદેશના રાજૌરી, ચેનાબ ખીણમાં ડોડા, કાશ્મીરના અનંતનાગ અને સોપોરમાં રડાર સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. હાલમાં શ્રીનગર, જમ્મુ અને બનિહાલમાં ત્રણ રડાર કાર્યરત છે.

# ASSAM - FLOODS

**આસામમાં પૂર સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક 97 થયો છે .આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..........**

## VC: RAKESH-DOLE

*SCRIPT : (આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે જણાવ્યું કે, ગઈકાલે ગોલાઘાટ અને ઉદલગુરી જિલ્લામાં પૂર સંબંધિત ઘટનામાં એક-એક મૃત્યુ નોંધાયું છે. તાજેતરના અહેવાલ મુજબ રાજ્યના 15 જિલ્લામાં 1.68 લાખથી વધુ લોકો પુરથી અસરગ્રસ્ત થયા છે.*

*અસરગ્રસ્ત જિલ્લાઓમાં ગોલાઘાટ, શિવસાગર, ઉદલગુરી, કામરૂપ મેટ્રો, નાગાંવ, કામરૂપ અને ધેમાજીનો સમાવેશ થાય છે. 480થી વધુ ગામો હજુ પણ પ્રભાવિત છે, જ્યારે હજારો લોકો રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે અને રાહત વિતરણ કેન્દ્રો દ્વારા સહાય મેળવી રહ્યા છે.*

*શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ અને ચરાઈદેવ જેવા સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં પૂરની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. મોટાભાગના વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસરવા લાગ્યા છે. રાજ્યમાં હાલમાં કોઈ પણ નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી નથી.)*

# POJK- PRESS FREEDOM

આંતરરાષ્ટ્રીય પ્રેસ સ્વતંત્રતા માટે કામ કરતી એક અગ્રણી સંસ્થાએ પાકિસ્તાનને વિદેશી મીડિયા સુવિધા દિશાનિર્દેશ-2026 પાછા  ખેંચવાની માંગ કરી છે. સંગઠને આ ગાઇડલાઇન્સને કઠોર ગણાવતા કહ્યું કે, તેનાથી પાકિસ્તાન અધિકૃત જમ્મુ કાશ્મીરમાં ચાલી રહેલી અશાંતિના રિપોર્ટિંગ પર પ્રતિબંધ મુકાશે.

સંગઠન અનુસાર, પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી સુધારાની માંગ કરી રહેલા વિરોધ પ્રદર્શનોના મીડિયા કવરેજ પર પ્રતિબંધ મૂક્યો છે. આંતરરાષ્ટ્રીય મીડિયા દ્વારા શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહીના અહેવાલો પ્રકાશિત કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ પણ સ્થગિત કરવામાં આવી છે.

સંગઠને કહ્યું કે, આ નવી ગાઇડલાઇન્સ એવા સમયે લાગુ કરવામાં આવી છે જ્યારે પાકિસ્તાન અધિકૃત પ્રદેશમાં અશાંતિ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં હિંસામાં 50થી વધુ લોકો માર્યા ગયા છે અને ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા છે.

# EBOLA-CASES-CONGO

કોંગોમાં ઇબોલાના કેસોની સંખ્યા ચાર હજારને વટાવી ગઈ છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ઇબોલાના કુલ કેસોની સંખ્યા ચાર હજારને 53 પર પહોંચી ગઈ છે, જેમાં એક હજાર 850ના મોત થયા છે. હાલમાં 694 દર્દીઓ આઇસોલેશનમાં છે અથવા હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે, જ્યારે 793 લોકો સાજા થયા છે.

યુનિસેફ એ જણાવ્યું કે, કોંગોમાં ઇબોલાના ફાટી નીકળવાથી 330 બાળકોના મોત થયા છે અને ઇટુરી પ્રાંતમાં આવશ્યક આરોગ્ય સેવાઓ ગંભીર રીતે ખોરવાઈ રહી છે.

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતની રક્ષિતા રામરાજ અને અશ્મિતા ચલિહાએ કોરિયા માસ્ટર્સની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ્યા છે. અશ્મિતાએ જાપાનની હિના અકેચીને 20-22, 21-15, 21-19 થી હરાવી. રક્ષિતાએ ક્વાર્ટર ફાઇનલમાં ભારતની જ તન્વી શર્માને 21-18, 19-21, 19-21થી હરાવી. હવે તે સેમિફાઇનલમાં અશ્મિતા ચલિહા સામે મુકાબલો કરશે.

પુરુષ ડબલ્સના ક્વાર્ટર-ફાઇનલમાં, ભારતીય જોડી પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોય અને કૃષ્ણ પ્રસાદ ગરાગા સેમિફાઇનલમાં મલેશિયાની જોડી સામે રમશે.

દરમિયાન, મહિલા અને મિશ્ર ડબલ્સ સ્પર્ધામાં ભારતનો પડકાર સમાપ્ત થયો છે. સોનાલી સિંહ અને રિતિકા ઠાકરની જોડી જાપાની જોડી સામે અને મિશ્ર ડબલ્સમાં, ઇશાન ભટનાગર અને શ્રુતિ મિશ્રાની જોડી દક્ષિણ કોરિયાની જોડી સામે હારી ગઈ છે.